

કલ્પેશ જોષી

# વાસ્તુ શાસ્ત્ર

EXT Number : 8

**પ્રશ્ન ૧ : અમારા ઘરમાં જ્યારથી અમે આવ્યા છીએ ત્યારથી કોઈને કોઈ બાબતમાં એક બીજા સાથે તકરાર થયા કરે છે અને તે કારણે ઘરમાં અશાંતિનું વાતાવરણ બની જાય છે. આ સાથે હું મારા ઘરનો નક્શો મોકલી આપું છું તો મને વાસ્તુશાસ્ત્ર પ્રમાણે યોગ્ય ઉપાય બતાવશો. - એક બહેન - મારખમ.**

જવાબ ૧ : તમારા મોકલેલ પ્લાનની યોગ્ય ચકાસણી કર્યા પછી થોડાઘણા મુદ્દાઓ છે જેને કારણે તમારા ઘરમાં અશાંતીનું વાતાવરણ રહે છે. સૌથી અગત્યનો મુદ્દો એ છે કે તમારા ઘરમાં યોગ્ય દિશામાં મંદિર નથી. તમે જણાવ્યું છે તેમ ઘરમાં છુટા છવાયા ભગવાનના ફોટા મુકેલ છે પરંતુ એક પણ ફોટો યોગ્ય દિશામાં મૂક્યો નથી, માટે શક્ય હોય તો ઈશાન ખૂણામાં એક મંદિરની જગ્યા બનાવો અને ત્યાં એક નાનું મંદિર લાવીને તેમાં ભગવાનના ફોટા મૂકો જેનાથી તે દેવસ્થાન બને અને ત્યાં પોઝીટીવ શક્તિ ઉત્પન્ન થાય. જેમ કહેવાયું છે કે આપણે ઘરને મંદિર જેવું બનાવવું હોય તો ઘરમાં ભગવાનનું મંદિર યોગ્ય રીતે રાખવું જોઈએ તો તે ઘર એક મંદિર સમાન બને છે અને તે આપણા ઘરમાં શાંતિ અને સમૃધ્ધિ લાવે છે. બીજી રીતે જોવા જઈએ તો તમારા ઘરનો મુખ્ય દરવાજો ડાબા હાથ ખૂલે છે જેને કારણે ઘરમાં નેગેટીવ એનર્જી વધે છે જેનાથી ઘરમાં કકળાટ વધે છે માટે તમે જો આ બાબતનું ધ્યાન આપશો તો તમારા ઘરમાં શાંતિમય વાતાવરણ બની રહેષે.

**પ્રશ્ન ૨ : ફાર્મ હાઉસ માટે કોઈ વાસ્તુશાસ્ત્રના નિયમો પાળવા જરુરી છે? અને તેનાથી શું - શું ફાયદા થઈ શકે? - એક ભાઈ - ઓરેન્જવીલ**

જવાબ ૨ : વાસ્તુશાસ્ત્ર એ આપણા રોજબરોજ ના ઉપયોગમાં આવતી દરેક વસ્તુઓને કેવી રીતે ગોઠવવાથી આપણને સુખ-સમૃધ્ધિ અને શાંતી મળે તેના વિશે જાણકારી આપે છે. માટે આપણે જે જગ્યાએ રહેતા હોઈએ અથવા તો જેનાથી આપણે સંકળાયેલા હોઈએ તેને વાસ્તુશાસ્ત્રના નિયામુનુસાર શું ફેરફાર કરવા જરુરી છે તેમાટે ની પણ જાણકારી આપે છે. માટે ફાર્મ હાઉસ માટે પૂર્વ દિશા તરફ-નો ભાગ નિચાણ વાળો હોવો જરુરી છે જ્યા નાના નાના ફુલ-છોડ વાવી શકાય. કાટા વાળા છોડ વાવવા નહી. બને તો પૂર્વ - ઉત્તર ખૂણામાં એટલે કે ઈશાન ખૂણામાં નાનો વોટર પોન્ડ બનાવવો. જેનાથી પાણીના ખૂણામાં પાણી રહે અને તેમાં કમળ વગેરે જેવા છોડ ઉગાડવા, તેમાં તમે માછલી જેવા જળચર પ્રાણી ને રાખી શકો છો. જે તમારા પોન્ડના પાણી ને શુધ્ધ રાખવા માં પણ મદદ કરશે. પશ્ચિમ, દક્ષિણ ખૂણો ઉંચો રહે તે માટે તે ખૂણામાં તમે ઉંચા ઝાડ પણ વાવી શકો છો. અને ત્યાં તમે ગાર્ડન બનાવી શકો છો. જેનાથી થોડું વજન ઉતપન્ન થાય અને ખરાબ એનર્જીને તે રોકવામાં મદદ કરે છે. જો આ પ્રમાણે તમે નાના મોટા ફેરફાર કરશો તો તે જગ્યા સુંદર અને શાંતીમય બનશે.

**તમારા વાસ્તુશાસ્ત્રને લગતા પ્રશ્નો અમને વતનના ઈમેઈલ INFO@VATANNEWS.CA ઉપર મોકલી આપો અને વાસ્તુ વિઝન તરફથી $ ૨૫ નું ફ્રી ગીફ્ટ સર્ટીફીકેટ મેળવો.**




**લીગલ ડિસ્કલેમર : આ કોલમમાં આપવામાં આવતી વાસ્તુ શાસ્ત્રની સલાહની સત્યતાની 'વતન' ખાતરી આપતું નથી. વ્યક્તિગત ધોરણે સ્વીકારેલી સલાહની જવાબદારી પોત પોતાની રહેશે અને સવાલ પૂછનાર અને જવાબ આપનાર વચ્ચેની કોયપણ નાણાકીય લેવડદેવડ ફી સાથે 'વતન' નો કોઈ સંબંધ નથી.**


MISHRA BARRISTER Prof. Corp.
Personal Injury Lawyer





Subodh Mishra
Barrister, Solicitor & Notary Public

Car Accidents (Tort & Accident Benefits)
Wrongful Death
Long Term Disability
Slip & Fall
Family Law
Medical Malpractice
Real Estate

2 Robert Speck Parkway
Suite 750
Mississauga, ON L4Z 1H8
T. 905.306.3430
F. 905.306.3438
Email: mishralaw@gmail.com
www.mishralaw.ca

Free Initial Consultation



BUY MONEY
SELL MONEY

તમારા સગાઓ અને મિત્રોને પૈસા મોકલવા અને મંગાવવા માટેનું ઉત્તમ સ્થાન એટલે

JACK FILLED FOREIGN EXCHANGE

ZAKIRBHAI
905-201-8111 / 416-242-4932 / 416-439-9995

આપને ઘરે બેઠાં સેવા આપીશું.
અમે ફક્ત બૅન્ક ચેક અને ડ્રાફ્ટ સ્વીકારીએ છીએ.
રૂપિયાની ડિલિવરી પછી પેમેન્ટ (ક્રેડીટને આધારે)
1 VALID PICTURE ID REQUIRED

SALES PERSONS
Kamalbhai, Rizanbhai, Ashishbhai, Patelbhai

29 Fonda Road, Markham, ON L3S 3X3